RIGHT TO INFORMATION

# ઈ. એચ. પઠાણ
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
(ડ્રેનેજ વિભાગ)
**સુરત મહાનગરપાલિકા**

---

અપીલ અરજી નં.૨૦, તા.૦૩/૦૬/૨૦૧૪

અરજદાર :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**

વિષયઃ–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવારની અરજી આઈ.ડી. નં. ૨૧૭, તા.૦૨/૦૫/૨૦૧૪ બાબત.

સંદર્ભઃ– (૧) અરજદાર મજકુરની અપીલ તા. ૦૩/૦૬/૨૦૧૪ ની ડીએનજી/આરટીઆઈ/૨૦, તા.૦૩/૦૬/૧૪
(૨) અરજદારનો પત્ર નં. ડીએનજી/આરટીઆઈ/ઈન/૨૯ તા.૨/૭/૧૪.
(૩) અરજદારનો પત્ર નં. ડીએનજી/આરટીઆઈ/ઈન/૩૬ તા.૧૯/૭/૧૪

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની અરજી નં.–૨૧૭ (મધ્યસ્થ કચેરી), તા.૦૨/૦૫/૨૦૧૪ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૧૪, ૨૩/૦૫/૧૪ ના અનુસંધાનમાં અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ હેઠળના પત્રથી અપીલ અરજી તા.૦૩/૦૬/૨૦૧૪ ના રોજ અત્રેના ખાતાને મળેલ જેના અનુસંધાનમાં અરજદારશ્રીને તેમની તા.૦૧/૦૭/૧૪ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે આપની અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ અરજદારશ્રીને જરૂરીયાત મુજબની વિગતો પુરી પાડવા રૂબરૂ હાજર રહેવા જણાવેલ. પરંતુ અરજદારશ્રી હાજર રહી શકેલ નહી. જેના અનુસંધાનમાં અરજદારશ્રીના સંદર્ભ–૨ હેઠળનાં પત્ર અન્વયે અપીલ અરજી બાબતે ફરીથી અરજદારશ્રીને તા.૧૯/૦૭/૨૦૧૪ નાં રોજ બપોરે ૧૨–૩૦ કલાકે રૂબરૂ હાજર રહવા જણાવેલ તેમ છતાં પણ અરજદારશ્રી હાજર રહેલ નહી. જેના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ–૧ હેઠળની અપીલ અરજી તા.૦૩/૦૬/૧૪ અન્વયે અપીલ અધિકારીશ્રી સમક્ષ તા.૦૧/૦૭/૨૦૧૪ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નહી ત્યારબાદ અરજદારશ્રીના સંદર્ભ–૨ હેઠળનાં પત્ર અન્વયે અરજીના નિરાકરણ સંદર્ભે ફરીથી તા.૧૯/૦૭/૨૦૧૪ નાં રોજ બપોરે ૧૨.૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા જણાવેલ. પરંતુ અરજદારશ્રી હાજર રહેલ નહી. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેર, ડ્રેનેજ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પાઠવેલ પ્રત્યુત્તર(વિગત) પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૧૪, તા.૨૩/૦૫/૧૪ થી પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે માંગેલ પુરક માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૩૬
તા.૨૪/૦૭/૨૦૧૪

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,

---

ઈ. એચ. પઠાણ
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
(ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

અરજદાર :– શ્રી મુકેશભાઈ મદનલાલ સારંગ
સામાવાળા:– જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ)
**ફરિયાદની હકિકત :–**
વિષય:–આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી મુકેશભાઈ મદનલાલ સારંગની અરજી આઈ.ડી. નં. ૬૫ર, તા.ર૮/૦૭/ર૦૧૪ બાબત.
સંદર્ભ:– (૧) અત્રેના વિભાગનો પત્ર ડીએનજી/આરટીઆઈ/ જાવક/૪ર તા.૮/૮/૧૪
(ર) અરજદારની અપીલ અરજી તા.૬/૯/૧૪.
(૩) અત્રેના વિભાગનો પત્ર આરટીઆઈ/જાવક/૫૫ તા.૧૬/૯/૧૪

માહિતીનો અધિકાર અધિનિયમ, ર૦૦૫ હેઠળ ઉપરોકત વિષય અને સંદર્ભથી અરજદારશ્રી મુકેશભાઈ મદનલાલ સારંગની અરજી નં.–૬૫ર (વેસ્ટ ઝોન), તા.ર૮/૦૭/ર૦૧૪ ના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ તરફથી આપવામાં આવેલ પ્રત્યુત્તર પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૪ર, ૮/૦૮/૧૪ ના અનુસંધાનમાં અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને સંદર્ભ હેઠળના પત્રથી અપીલ અરજી તા.૦૬/૦૯/ર૦૧૪ ના રોજ અત્રેના ખાતાને મળેલ જેના અનુસંધાનમાં અરજદારશ્રીને તેમની તા.ર૩/૦૯/૧૪ ના રોજ બપોરે ૧ર–૩૦ કલાકે આપની અરજીના નિરાકરણ સંદર્ભે તેમજ અરજદારશ્રીને જરૂરીયાત મુજબની વિગતો પુરી પાડવા રૂબરૂ હાજર રહેવા જણાવેલ હતું, જેના અનુસંધાનમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ નિકાલ કરવામાં આવે છે.

અરજદારની સંદર્ભ–ર હેઠળની અપીલ અરજી તા.૦૬/૦૯/૧૪ અન્વયે અપીલ અધિકારીશ્રી સમક્ષ તા.ર૩/૦૯/ર૦૧૪ નાં રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ તે મુજબ હાજર રહયા હતા. જેના અનુસંધાનમાં અરજદારને રૂબરૂ સમજ આપી અત્રેના વિભાગના ઉપલબ્ધ રેકર્ડ આધારીત અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે માંગેલ પુરક માહિતી દિન–૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (ડ્રેનેજ વિભાગ) ને જણાવવામાં આવે છે.

આપનો વિશ્વાસુ

નં.ડ્રેનેજ/આરટીઆઈ/૫૫
તા.૧૬/૦૯/ર૦૧૪

**(ઈ.એચ. પઠાણ)**
**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
(૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.
(ર) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩) શ્રી મુકેશ મદનલાલ સારંગ,

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯
☎ (ર૬૧) ર૭૮ ૦૦૫૭, ર૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ર૦૧
🖷 (ર૬૧) ર૪૫ ૧૯૩૫, ર૪ર ર૧૧૦
✉ xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in

RIGHT TO INFORMATION

# ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

ડીએનજી/આર.ટી.આઈ./આ.નં.૧૧
તા. ૧૩/૦૫/૨૦૧૪.

પ્રતિ,
શ્રી કિશોરભાઈ છગનભાઈ પટેલ

વિષય :- આર.ટી.આઈ. એકટ હેઠળની અરજદારશ્રી કિશોરભાઈ છગનભાઈ પટેલ ની અરજી નં આઈ.ડી.૨૩૭૨, તા.૧૦/૦૨/૧૪ .

સંદર્ભ :- ૧. ગુજરાત માહિતી આયોગમાં કરેલ અરજી નં.૧૨૬૦૫ તા.૨/૪/૧૪.
૨. ગુજરાત માહિતી આયોગ અપીલ નં અ-૨૬૧૦-૨૦૧૪, તા.૦૩/૦૪/૨૦૧૪ અન્વયેનો હુકમ.

મહાશય,

માહિતી અધિકારી અધિનિયમ-૨૦૦૫ હેઠળ માહિતી આપવા માટેની વિનંતી કરતી અરજી સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારીશ્રીને કરવામાં આવેલ, તે આઈ.ડી. નં. ૨૩૭૨ તા.૧૦/૦૨/૨૦૧૪ ના રોજની અરજી અત્રેના ખાતાને લાગત આંશિક માહિતી માટે સેન્ટ્રલ ઝોન ધ્વારા અત્રે ટ્રાન્સફર કરેલ, જે અત્રે ઈ.નં. ડીએનજી/ઈન/નં. ૧૦૩, તા.૧૨/૦૨/૨૦૧૪ થી મળેલ. સદર અરજી પૈકીમાં જણાવ્યા મુજબ આપની તા.૨૪/૧૨/૨૦૧૩ વરાછા ઝોનમાં કરવામાં આવેલ ડ્રેનેજ ખાતાની અરજીના મુદ્દા નં-૬ અંગે જવાબ આપવાનો રહે છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રેના ડ્રેનેજ/આર.ટી.આઈ./જા.નં. ૧૦૯, તા.૧૫/૦૩/૨૦૧૪ થી પાઠવેલ જવાબથી આપને અસંતોષ લાગતાં આપશ્રીએ ગુજરાત માહિતી આયોગમાં ઈ.નં. ૧૨૬૦૫ અપીલ નં. ૨૬૧૦-૧૪, તા.૦૨/૦૪/૨૦૧૪ થી અપીલ કરેલ હતી. જેના જવાબમાં આયોગ ધ્વારા આપની અરજી ઉપર વિચારણા કરતા, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કમલ-૧૯ ની પેટા કલમ (૧) અન્વયે જે કોઈ નાગરિક જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ હોય, તેઓ સંબંધિત જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીની ઉપરનો દરજ્જો ધરાવતા અધિકારીને અપીલ કરી શકશે.

આમ માહિતી આયોગના અપીલ હુકમ નં-અ-૨૬૧૦-૨૦૧૪, તા.૦૩/૦૪/૨૦૧૪ અન્વયે તમોને અત્રેના પત્ર નં. ડીએનજી/આર.ટી.આઈ./આ.નં./૦૭, તા.૨૧/૦૪/૨૦૧૪ થી તા.૦૨/૦૫/૨૦૧૪ નાં રોજ બપોરે ૧૨:૩૦ કલાકે કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારીશ્રી, (ડ્રેનેજ વિભાગ) ખાતે રૂબરૂ હાજર રહેવા જણાવેલ. તેના અનુસંધાને તમો તા.૦૨/૦૫/૨૦૧૪ ના રોજ બપોરે ૧૨:૧૫ કલાકે રૂબરૂ હાજર રહેલ હતા. અરજીના નિરાકરણ સંદર્ભે રૂબરૂ સુનાવણી દરમ્યાન આપના મુદ્દાની ચર્ચા થઈ હતી અને અત્રેથી આપવામાં આવેલ પ્રત્યુત્તરની સમજણ તમોને આપવામાં આવેલ હતી અને તેથી વિદિત થઈ અપીલ અધિકારીશ્રીના જવાબથી તમામ મુદ્દે સંતુષ્ત થયા અંગેનો તમોએ પ્રતિભાવ આપેલ છે. જે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

## : હુકમ :

અરજદારએ ડ્રેનેજ વિભાગનાં માહિતી અધિકારીશ્રી તરફથી આપવામાં આવેલ માહિતી અંગે સંતોષ વ્યકત કરેલ હોય, ડ્રેનેજ વિભાગે તેમણે પૂછેલાં પ્રશ્ન બાબતે તમામ મુદ્દાઓની સમજ આપવામાં આવી છે. તથા સમજણ / માહિતી સાથે તેઓ સંમત થયેલ છે. આથી હવે આ સંદર્ભે વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી. વધુમાં આપશ્રીની મુળ અરજી વરાછા ઝોનને લાગત હોય ડ્રેનેજ વિભાગ તરફથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જેથી ગુજરાત માહિતી આયોગ અપીલ નં.અ-૨૬૧૦-૨૦૧૪ થી આવેલ અરજી કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારીશ્રી વરાછા ઝોનને રવાના કરવામાં આવે છે. જે આપશ્રીની જાણ માટે.

આપનો વિશ્વાસુ

**(ઈ.એચ. પઠાણ)**
**કાર્યપાલક ઈજનેર અને**
**અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

નકલ રવાના :- (૧) કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારીશ્રી (વરાછા ઝોન) પ્રતિ,.... જાણ સારૂ.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.

સુરત મહાનગરપાલિકા,
૧-માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત - ૩૯૫ ૦૦૯
☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
🖷 (૨૬૧) ૨૪૫ ૧૯૩૫, ૨૪૨ ૨૧૧૦
✉ xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in

ઈ. એચ. પઠાણ
કાર્યપાલક ઈજનેર અને
અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)
સુરત મહાનગરપાલિકા

ડીએનજી/આર.ટી.આઈ./આ.નં. ૧૯
તા.૩૦/ ૦૫ /૨૦૧૪.

પ્રતિ,
શ્રી હેમંત એન. દેસાઈ,

વિષય :– અરજદાર શ્રી હેમંત એન. દેસાઈની જાહેર માહિતી અધિકાર કાયદા હેઠળની તા.૩–૫–૧૪ ની અરજી.

સંદર્ભ :– (૧) અત્રેનો પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૯૮ તા.૨૮–૨–૧૪.
(૨) અત્રેનો પત્ર નં. ડ્રેનેજ/આરટીઆઈ/જાવક/૧૨ તા.૧૪–૫–૧૪.

શ્રીમાન,

સવિનય જણાવવાનું કે, ઉપરોકત વિષય અન્વયે સંદર્ભ હેઠળની અપીલ અરજી અનુસંધાને જણાવવાનું કે વિષયમાં જણાવેલ આપશ્રીની અપીલ અરજી નં.૨૭ (સેન્ટ્રલ ઝોન) મારફતે અત્રે મળેલ, સદર અરજી અન્વયે આપશ્રીને તા.૧૭/૦૫/૨૦૧૪ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અપીલ અધિકારીશ્રી (ડ્રેનેજ વિભાગ) ખાતે આપશ્રી રૂબરૂ હાજર રહેલ હતા. અરજીનાં નિરાકરણ સંદર્ભે રૂબરૂ સુનાવણી થયા દરમ્યાન આપનાં પ્રશ્નોનાં તમામ મુદ્દાઓની ચર્ચા કરી હતી. અને જે અત્રેથી આપવામાં આવેલ પ્રત્યુત્તરની સમજણ તમોને આપવામાં આવી હતી. અને તેથી વિદિત થઈ અપીલ અધિકારીશ્રી નાં જવાબથી તમામ મુદ્દે સંતુષ્ટ થયા અંગેનો આપે પ્રતિભાવ આપેલ છે. જે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ.

## –: હુકમ :–

અરજદારને ડ્રેનેજ વિભાગનાં માહિતિ અધિકારીશ્રી તરફથી આપવામાં આવેલ અગાઉની માહિતિ બાબતે વિસ્તૃત છણાવટ કરી પર્યાપ્ત સમજણ આપવામાં આવેલ છે. તેમજ આપવામાં આવેલ સમજણથી તેઓ સંતુષ્ટ થયેલ છે. આથી અરજદારને હવે વિશેષ માહિતિ અત્રેથી આપવાની રહેતી નથી. જે તે મિલ્કતોનાં ડ્રેનેજ કનેકશનો આપવા, કાપવા કે રદ કરવા અંગેની કાર્યવાહી સંલગ્ન ઝોન ઓફીસ ધ્વારા થતી હોય તેમજ અરજદારશ્રીએ જણાવેલ મિલ્કત સેન્ટ્રલ ઝોનમાં આવતી હોઈ અરજદારને તેમની અરજી બાબતે કાર્યપાલક ઈજનેર, સેન્ટ્રલઝોન ઓફીસનો સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

આપનો વિશ્વાસુ

**(ઈ.એચ. પઠાણ)**
**કાર્યપાલક ઈજનેર અને**
**અપીલ અધિકારી (ડ્રેનેજ વિભાગ)**
**સુરત મહાનગરપાલિકા**

નકલ રવાના :– (૧) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડ્રેનેજ પ્રતિ,.... જાણ સારૂ.
(૨) સેકશન ઓફિસરશ્રી (ડ્રેનેજ વિભાગ) પ્રતિ,..... જાણ સારૂ.
(૩) કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન પ્રતિ,..... જરૂરી કાર્યવાહી સારૂ.

સુરત મહાનગરપાલિકા,
૧–માળ, જુની વેસ્ટ ઝોન ઓફિસ તાડવાડી રાંદેર, રોડ
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૯

☎ (૨૬૧) ૨૭૮ ૦૦૫૭, ૨૭૮ ૦૧૭૧ એક્ષટેન્શન ૨૦૧
🖷 (૨૬૧) ૨૪૫ ૧૯૩૫, ૨૪૨ ૨૧૧૦
✉ xen.drg.smc@gmail.com
Visit us at www.suratmunicipal.gov.in